For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બેંગલુરુ હેડક્વાર્ટરને બાતમી મળી હતી

# તેજસ રાજધાનીમાંથી 10 કરોડના કોકેઈન સાથે મુંબઈનો પેડલર ઝડપાયો



**દિલ્હીમાં** કોકેઈન લેવા પેડલર મુંબઈથી દિલ્હી ફ્લાઈટમાં ગયો હતો

**સુરત** રેલવે સ્ટેશને DRI અને RPFનું સંયુક્ત ઓપરેશન

સુરતઃ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) અને રેલવે પ્રોટક્શન ફોર્સે આજે શુક્રવારે વહેલી સવારે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દિલ્હીથી મુંબઈ જતી રાજધાની એક્સપ્રેસ ટ્રેનમાંથી એક શંકાસ્પદ મુસાફરને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન આ મુસાફરની બેગમાંથી અંદાજે રૂ. 10 કરોડની કિંમતનું 2 કિલોગ્રામ પ્રતિબંધિત કોકેઈન મળી આવ્યું હતું.

DRI ના બેંગલુરુ હેડક્વાર્ટર તરફથી સુરત યુનિટને મળેલા એક ચોક્કસ અને મહત્વપૂર્ણ ઇનપુટના આધારે DRI સુરતના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર સત્યેન્દ્ર સિંહ અને તેમની ટીમ તેમજ RPF ઇન્સ્પેક્ટર દિનેશ યાદવ સહિતના સ્ટાફે સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 02 પર વોચ ગોઠવી હતી. સવારે 05:20

...અનુસંધાન પાના 2 પર

## ટ્રોલી બેગમાં રેક્ઝિનના પડની વચ્ચે 3 પેકેટ છુપાવ્યાં હતાં

પકડાયેલા આરોપીની ઓળખ ફઝલ સૈયદ (ઉંમર વર્ષ 39) તરીકે થઈ છે, જે સાઈદીપ એપાર્ટમેન્ટ (ફ્લેટ નં. 302, સેક્ટર 27, નેરલ, નવી મુંબઈ) નો રહેવાસી છે. DRI ની ટીમે જ્યારે તેની પાસે રહેલી કાળા રંગની ટ્રોલી બેગની સઘન તલાશી લીધી ત્યારે બેગના રેક્ઝીનના પડની અંદર છૂપાવેલા 3 પેકેટો મળી આવ્યા હતા. એફએસએલ (FSL) ની ટીમ દ્વારા સ્થળ પર જ તપાસ કરવામાં આવતા આ પેકેટોમાં રહેલો પદાર્થ ઉચ્ચ ગુણવત્તાવાળો કોકેઈન ડ્રગ્સ હોવાનું સાબિત થયું હતું, જેનું કુલ વજન 2 કિલોગ્રામ છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત આશરે 10 કરોડ આંકવામાં આવી છે.

### દિલ્હી-મુંબઈ ડ્રગ્સ નેટવર્ક અને નાઇજીરીયન કનેક્શન

પ્રાથમિક પૂછપરછમાં આરોપી ફઝલે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેણે જણાવ્યું કે તે જોન'નામના એક નાઇજીરીયન નાગરિકના સંપર્કમાં હતો. જોનના કહેવા પર તે 25 જૂને મુંબઈથી ફ્લાઈટ દ્વારા દિલ્હી ગયો હતો. ત્યાંથી ટેક્સી પકડીને દિલ્હીના બુરારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પહોંચ્યો હતો, જ્યાં એક અજાણ્યા શખ્સે તેને આ ટ્રોલી બેગ સોંપી હતી.


### પેડલરને 25 ,000 મળવાના હતા

આ બેગ તેને નવી મુંબઈ પહોંચાડવાની હતી અને ત્યાં પહોંચ્યા પછી ખરીદદાર પોતે તેનો સંપર્ક કરવાનો હતો. આ કામના બદલામાં આરોપીને ટ્રેનની ટિકિટ સિવાય 25,000 રોકડા મળવાના હતા. હાલમાં DRI દ્વારા ડ્રગ્સ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે આગળની તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### કોલ ડેટા અને સંપર્કમાં રહેલા લોકોની તપાસ માટે રિમાન્ડ લેવાયા : DRI

ડીઆરઆઈએ કોર્ટ સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે તપાસના પ્રાથમિક તબક્કે આરોપીના બે દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીના મોબાઇલ ફોનમાંથી મળેલા કોલ ડેટા, સંપર્કમાં રહેલા લોકો, ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને કોને પહોંચાડવાનું હતું તેની સમગ્ર કડી મેળવવાની જરૂર છે. ઉપરાંત આરોપીના નાણાકીય વ્યવહારો, બેંકિંગ ટ્રાન્ઝેક્શન અને ફાઇનાન્સીયલ ટ્રેઇલની પણ વિગતવાર તપાસ હાથ ધરવાની હોવાથી રિમાન્ડ જરૂરી હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. જોકે અદાલતે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ડીઆરઆઈ તરફથી ખાસ સરકારી વકીલ ઇમરાન મલેક કોર્ટમાં હાજર રહ્યા હતા.

## યા હુસૈન શહિદે કરબલા



ઇસ્લામિક કેલેન્ડરના પ્રથમ મહિનાને 'મોહરમ' કહેવામાં આવે છે. આ મહિનાનો દસમો દિવસ આશૂરા તરીકે ઓળખાય છે, જે હજરત ઇમામ હુસેન (પયગંબર સાહેબના દોહિત્ર) અને તેમના સાથીઓની કરબલાના યુદ્ધમાં થયેલી શહાદતની યાદમાં શોક પર્વ તરીકે મનાવાય છે.મોહરમના પર્વની વિશેષતાઓશોક અને ઉપવાસઃ આખો મહિનો, ખાસ કરીને શરૂઆતના દસ દિવસો દરમિયાન મુસ્લિમ બિરાદરો દુઃખ અને શોક વ્યક્ત કરે છે. તાજીયા જુલૂસઃ ઇમામ હુસેનની શહાદતની યાદમાં સુંદર અને ભવ્ય 'તાજીયા' બનાવવામાં આવે છે. આજે સુરતના રાજમાર્ગ પર કલાત્મક તાજિયાનું જુલુસ કાઢવામાં આવ્યું હતું. **(તસવીર : હેમંત ડેરે)**

# શેફાલી જરીવાલા અને ગોવિંદાની પત્ની ઠગ અનિંદા સીલને રાખડી બાંધતા હતા

**બોલિવુડની** હસ્તીઓના ફોટા મૂકીને સુરતની એન્ટરટેઇન કંપનીના ૧.૪૧ ગપચાવી લીધા

**વૈભવી** જીવન અને બોલિવુડમાં ફ્લોપ શોના કારણે દેવામાં ડૂબી જતાં ઠગાઇ કરવાનું શરૂ કર્યું





સુરતઃબોલિવૂડના ટોચના પ્લેબેક સિંગર અરિજિત સિંહ, કોમેડી કિંગ કપિલ શર્મા અને ડાન્સિંગ સેન્સેશન નોરા ફતેહીના લાઈવ કોન્સર્ટ યોજવાના બહાને સુરતના એક યુવા ઈવેન્ટ મેનેજર સાથે રૂ.૧.૪૧ કરોડની ચકચારી ઠગાઈ આચરનાર બોલિવૂડ કલાકારોનો 'ભાઈ' હોવાનો દાવો કરતો આરોપી 'કાંટા લગા ગર્લ' શેફાલી અને ગોવિંદાની પત્ની રાખડી બાંધતી હતી.

મોટા વરાછામાં શુભારંભ એન્ટરટેનમેન્ટ કંપની ચલાવતા અભિષેક બોરડા સાથે અનિંદા સીલ અને અનંત ગુપ્તા એન્ડ કંપનીએ કપીલ શર્મા અને નોરા ફત્તેહીના શોના નામે ટુકડે ટુકડે રૂ.૧.૪૧ કરોડ પડાવી લીધા હતા. વૈભવી જીવન જીવતો હતો પરંતુ બોલિવૂડના ફ્લોપ શોના કારણે દેવામાં ડૂબી જતાં તેણે સુરતની કંપનીને લૂંટવાનો કારસો રચ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવી છે. મુખ્ય આરોપી અનિંદા સીલ છેલ્લા ૪૦ વર્ષથી મુંબઈમાં સ્થાયી થયેલો છે. 'કાંટા લગા' ફેમ શેફાલી જરીવાલાને કરિયરનો બ્રેક અપાવનાર અનિંદા છેલ્લા ૩૫ વર્ષથી તેનો માનીતો ભાઈ છે. એટલું જ નહીં, સુપરસ્ટાર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા પણ તેને છેલ્લા ૧૨ વર્ષથી રાખડી બાંધે છે. આ હાઈ-પ્રોફાઈલ સંબંધોનો દુરુપયોગ કરીને આરોપીએ સુરતના વેપારીઓ પર પ્રભાવ પાડ્યો હતો.

## સુરતમાં ફરજ બજાવતા 108નાં મહિલા EMTનું કમળામાં મોત



સુરતઃ શહેરમાં 108 એમ્બ્યુલન્સ સેવામાં ફરજ બજાવતા એક મહિલા ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન (EMT)નું કમળાની સારવાર દરમિયાન દુઃખદ અવસાન થતાં સહકર્મીઓ અને પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, મૂળ છોટાઉદેપુર જિલ્લાના વતની અને 21 વર્ષીય સુમિત્રા ભીલાલા સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

...અનુસંધાન પાના 2 પર

## ડેડિયાપાડામાં નદીમાં પૂર આવતાં મહિલા તણાઈ

**બોગજ** ગામનાં ઊર્મિલાબેન વસાવા ખેતરેથી કામ કરી પરત ફરતાં હતાં

**પાણીનો** પ્રવાહ વધી જતાં તણાઈ ગયાં

સાગબારાઃ ડેડિયાપાડાના ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદને કારણે આજે બોગજ ગામની નદીમાં અચાનક પૂર આવ્યું હતું. આ દરમિયાન શુક્રવારે સવારે નદી પાર કરીને ખેતરે જઈ રહેલી એક મહિલા પૂરના પાણીમાં તણાઈ ગઈ હતી. બનાવ બાદ ગામલોકોએ શોધખોળ શરૂ કરી છે, પરંતુ હજુ સુધી મહિલાનો કોઈ પત્તો મળ્યો નથી.

કોલીવાડા (બોગજ) ગામના રહેવાસી ઊર્મિલાબેન રમેશભાઈ વસાવા આજે સવારે 7 વાગ્યે ગામની નદી પાર કરીને સામે આવેલા પોતાના ખેતરે કામ માટે જઈ રહ્યાં હતાં. ત્યાં જ ઉપરવાસના ડુમખલ સહિત પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં ગઈકાલે પડેલા મુશળધાર વરસાદને કારણે નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો, જેમાં તેઓ તણાઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો નદી કિનારે દોડી આવ્યા

...અનુસંધાન પાના 2 પર

# પાંડેસરામાં મિત્રએ જ મિત્રને જાહેરમાં રહેંસી નાંખ્યો

**હોટલમાં** વિવાદ થતાં ઘરે ચાલ્યા ગયેલા મિત્રને ચપ્પુના ઘા મારી પતાવી દેનાર ઝડપાયો

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં દારૂના નશામાં ચકચૂર એક યુવકે સામાન્ય બોલાચાલીની અદાવતમાં પોતાના જ પરમ મિત્રને ચપ્પુના ઘા મારી તેની હત્યા કરી નાંખી હતી. જો કે પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી સની જાદવને ઝડપી લીધો હતો.

પાંડેસરા સ્થિત પ્રેમનગરમાં રહેતા અમોલ મહેન્દ્ર સાલવે અને સની જાદવ વચ્ચે વર્ષો જૂની ગાઢ દોસ્તી હતી. ગઈકાલે રાત્રે બંને મિત્રો પાંડેસરા વિસ્તારમાં જ સાથે જમવા માટે ગયા હતા. હોટલમાં જમતી વખતે સનીએ કોઈ અકળ કારણોસર અમોલ સાથે માથાકૂટ અને ઝઘડો શરૂ કર્યો હતો. જેથી અણછાજતી વર્તણૂકથી કંટાળીને અમોલે તેને ટોક્યો હતો કે, 'તું હંમેશા આવી નાની બાબતોમાં કેમ ઝઘડો કરે છે? તારી આ આદત મને બિલકુલ પસંદ નથી.' આટલું કહીને અમોલ હોટલમાંથી ઊભો થઈને પોતાના ઘર તરફ નીકળી ગયો હતો.મિત્રએ ઠપકો આપતા જ દારૂના નશામાં ધૂત સની જાદવ એકદમ આવેશમાં આવી ગયો હતો અને તે અમોલની પાછળ પાછળ પ્રેમનગર પહોંચી ગયો હતો. ત્યાં તેણે ચપ્પુના એક પછી એક ઘા અમોલને ઝીંકી તેની હત્યા કરી નાંખી હતી.

### પરિવારે કડક સજાની માંગ કરી

મૃતકના ભાઈ સુદર્શન સાલવેએ શોકગ્રસ્ત માહોલમાં જણાવ્યું હતું કે, સનીએ નશાની હાલતમાં ક્રુરતાપૂર્વક તેના ભાઈની જિંદગી છીનવી લીધી છે અને પોલીસ પ્રશાસન તેને કડકમાં કડક સજા અપાવે તેવી ન્યાયની અપીલ છે.

# વરસાદ ખેંચાતા રેઈનકોટ કે છત્રી લેવા કોઈ આવતું નથી

**વેપારીઓએ** દર વર્ષની માંગને ધ્યાનમાં રાખીને પહેલેથી મોટો સ્ટોક કરી લીધો છે

**સિઝનના** મુખ્ય દિવસોમાં પણ માત્ર 25 ટકા જેટલી ગ્રાહકી જ જોવા મળી રહી છે

સુરતઃ આ વર્ષે વરસાદ નહીં પડતાં સુરતના છત્રી અને રેઈનકોટના વેપારમાં ભારે મંદી છવાઈ ગઈ છે. સામાન્ય રીતે 15 જૂન સુધીમાં વરસાદી માહોલ જામતા બજારમાં ખરીદીનો માહોલ સર્જાતો હોય છે, પરંતુ હાલ સ્થિતિ એવી છે કે સિઝનના મુખ્ય દિવસોમાં પણ માત્ર 25 ટકા જેટલી ગ્રાહકી જ જોવા મળી રહી છે.

આ સમયે તો સુરતના ડબગરવાડમાં રેઈનકોટ-છત્રીના રિટેઈલ વેપારીઓ અને ગ્રાહકોની ભારે અવરજવર જોવા મળતી હોય છે. જોકે વરસાદના અભાવે કોઈ છત્રી કે રેઈનકોટ લેવા આવતું નથી. અહીંના હોલસેલ વેપારી સતીશભાઈએ જણાવ્યું હતું કે સુરતમાં જ મોટા પ્રમાણમાં છત્રીઓનું ઉત્પાદન કરવામાં આવે છે. છત્રી બનાવવામાં ઉપયોગી તાર કોલકાતા તેમજ કાપડ મુંબઈ અને ઉમરગામ જેવા વિસ્તારોમાંથી મંગાવવામાં

...અનુસંધાન પાના 2 પર

### ટાવર રોડના વેપારીઓને તો મેટ્રોનું પણ ગ્રહણ

ભાગળ ટાવર રોડ વિસ્તારમાં રેઈનકોટના હોલસેલ વેપારી ધર્મેશભાઈ બોધાનવાલાના જણાવ્યા મુજબ દર વર્ષે 15 જૂન પછી શાળાઓ શરૂ થતાં જ બાળકો, વાલીઓ અને નોકરીયાત વર્ગ મોટી સંખ્યામાં રેઈનકોટની ખરીદી કરવા બજારમાં આવતા હોય છે. પરંતુ આ વર્ષે વરસાદની ગેરહાજરીને કારણે બજારમાં હાલ 25 ટકાથી પણ ઓછી ગ્રાહકી જોવા મળી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે વરસાદ ન પડવો એકમાત્ર કારણ નથી. ભાગળ અને ટાવર રોડ વિસ્તારમાં ચાલી રહેલા મેટ્રો રેલના કામકાજને કારણે વેપારીઓને વધારાની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક રસ્તાઓ બંધ થઈ જતા ગ્રાહકોને બજાર સુધી પહોંચવામાં અગવડતા અનુભવાઈ રહી છે.

# વજન ઊતરાવાનું કહી અડાજણની મહિલા સાથે ઓનલાઇન ઠગાઇ

**ફેસબુક** પર CurestScienceની જાહેરાત જોઈ મહિલા જાળમાં ફસાઈ

**કંપનીએ** જાન્યુઆરી મહિનાથી દવાના નામે મહિલા પાસે હજારો ખંખેરી લીધા

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતી એક ૫૫ વર્ષીય મહિલાને ફેસબુક પર વજન ઘટાડવાની ખાતરી આપી તબક્કાવાર ઓનલાઈન તેમજ કુરિયર મારફતે રોકડા લાખો રૂપિયા પડાવી લીધા હતા. જેથી મહિલાએ આ મામલે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અડાજણ મોરારજી દેસાઈ ગાર્ડન પાસે આવેલી માનસરોવર સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષીય સંગીતાબેન ભરતકુમાર મગજવાલા ગૃહિણી છે. ગઇ તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તેમણે ફેસબુક ઉપર વજન ઘટાડવા માટે 'CurestScience.in' નામની સંસ્થાની જાહેરાત જોઇ હતી. આ જાહેરાત પર ક્લિક કરીને તેમણે તેમનું નામ અને મોબાઈલ નંબર આપી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેથી તેમને તન્વી નામની એજન્ટે કોલ કર્યો હતો. તેમની સાથે વાત કરીને તન્વીએ તેમને કુરિયર મારફતે રૂ.૩,૦૦૦ની વજન ઘટાડવાની બે બોટલ મોકલી હતી પરંતુ તેનાથી કોઇ ફેર નહીં પડતાં તેનવીએ કંપનીના કથિત ડોક્ટર આકાશ સાથે વાત કરાવી હતી. જેથી તેણે ૬૫ દિવસનો કોર્સ ફરજિયાત હોવાનું કહી ડાયટ પ્લાનના બહાને ફરીથી કુરિયર મારફતે રૂ.૩૪,૫૦૦ની દવાઓ પધરાવી રોકડા નાણાં વસૂલ્યા હતા. એક અઠવાડિયા પછી પણ કોઈ પરિણામ ન મળતા, ગઠિયાઓએ તેમને કંપનીની મોટી મેડિકલ ટીમ અને સીનિયર ડોક્ટર એમ. કે. ખન્ના કન્સલ્ટ કરાવ્યા હતા તેણે પણ તેમને તેમની કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતી હોવાનું જણાવી તેમની પાસેથી અલગ-અલગ તારીખો દરમિયાન કુરિયરના માણસો મારફતે રોકડા તેમજ ઓનલાઈન બેંકિંગ દ્વારા હજારો રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. અંતે કોઈ વજન ન ઉતરતા અને મોટી રકમ ગુમાવવાનો અહેસાસ થતાં સંગીતાબેને સાયબર ક્રાઇમ પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

# અમદાવાદમાં રૂપિયા ૮.૩૨ કરોડના ટ્રામાડોલ ડ્રગનો જથ્થો ઝડપાયો

**વલસાડના** સૂત્રધારની રાજસ્થાનથી ધરપકડ કરતી ATS

અમદાવાદ : એ.ટી.એસ.ની ટીમે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાંથી ગેરકાયદેસર સાયકોટ્રોપિક સબસ્ટન્સ 'ટ્રામાડોલ'(Tramadol)ટેબલેટનો અધધ ૨,૦૮,૦૦૦નો જથ્થો જપ્ત કર્યો છે. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત આશરે રૂ.૮ કરોડ ૩૨ લાખ થાય છે. આ ગુનાના મુખ્ય સૂત્રધાર પરેશ પારસમલ જૈનની રાજસ્થાનના ઉદયપુર ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાત એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીને ચોક્કસ બાતમી મળી હતી કે, પરેશ પારસમલ જૈન (રહે. પારડી, વલસાડ; મૂળ રહે. સાદરી, રાજસ્થાન) નામનો ઇસમ લાંબા સમયથી ગેરકાયદેસર સાયકોટ્રોપીક સબસ્ટન્સ ટ્રામાડોલનો ધંધો કરે છે. આ માહિતીને ટેકનિકલ અને હ્યુમન રિસોર્સિસ દ્વારા વેરિફાય કરતા જાણવા મળ્યું હતું કે, આરોપીએ ટ્રામાડોલ ટેબલેટનો જથ્થો 'ન્યુ મહાવીર મેડીકલ'ના નામના ટેક્સ ઇન્વોઇસમાં બીજી દવાઓના નામ દર્શાવી અંકલેશ્વરથી એમ.આર. ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં રાજસ્થાનના પાલી ખાતે મોકલ્યો છે અને આ બસ અમદાવાદ શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવનાર છે. જેથી તેમાં તપાસ કરી ૨,૦૮,૦૦૦ ટ્રામાડોલ ટેબલેટ જપ્ત કરી હતી. બીજી તરફ, દરોડા દરમિયાન મુખ્ય આરોપી પરેશ પારસમલ જૈન રાજસ્થાન તરફ નાસી ગયો હોવાની માહિતી મળતા એ.ટી. એસ.ની એક ખાસ ટીમ તાત્કાલિક રાજસ્થાન રવાના કરવામાં આવી હતી અને આરોપીની ઉદયપુર જિલ્લાના ગોગુન્ડા તાલુકામાંથી

...અનુસંધાન પાના 2 પર

# સરકારી ફાર્મસી કોલેજોની તમામ બેઠક મોક રાઉન્ડમાં જ ફુલ

**સુરતની** સરકારી ફાર્મસી કોલેજમાં 60થી વધારી 100 કરાયેલી તમામ બેઠકો પણ તાત્કાલિક ફાળવાઈ

સુરતઃ મેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની વિદ્યાર્થીઓની વધતી ઈચ્છા હવે માત્ર એમબીબીએસ કે ડેન્ટલ અભ્યાસક્રમ સુધી મર્યાદિત રહી નથી. છેલ્લા કેટલાક વર્ષોથી ફાર્મસી ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓનો નોંધપાત્ર ઝોક જોવા મળી રહ્યો છે. તેનું પ્રતિબિંબ આ વર્ષે ડિગ્રી ફાર્મસીના પ્રવેશમાં સ્પષ્ટ જોવા મળ્યું છે. રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ ફાર્મસી કોલેજોની બેઠકો મોક રાઉન્ડમાં જ ભરાઈ ગઈ છે. સુરતની નવી સરકારી ફાર્મસી કોલેજમાં આ વર્ષે વધારવામાં આવેલી તમામ 100 બેઠકો પણ વિદ્યાર્થીઓએ પ્રથમ તકમાં જ મેળવી લીધી છે.

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC) દ્વારા શુક્રવારે ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસીના મોક રાઉન્ડનું એલોટમેન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાં ફાર્મસીના અભ્યાસક્રમ માટે કુલ 13,488 વિદ્યાર્થીઓની મેરિટ જાહેર થઈ હતી. તેમાંથી 9,464 વિદ્યાર્થીઓએ મોક રાઉન્ડમાં ભાગ લીધો હતો. રાજ્યની કુલ 8,637 બેઠકો સામે 6,784 બેઠકોની ફાળવણી થતાં અંદાજે 78.5 ટકા બેઠકો પ્રથમ જ તબક્કામાં ભરાઈ ગઈ છે. પ્રવેશ પ્રક્રિયાના આંકડાઓ દર્શાવે છે કે ફાર્મસી અભ્યાસક્રમ પ્રત્યે વિદ્યાર્થીઓનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોની સંખ્યા અને હાલની બેઠકોની સ્થિતિને જોતા પ્રથમ નિયમિત રાઉન્ડ પૂર્ણ થતાં રાજ્યની લગભગ તમામ બેઠકો ભરાઈ જાય તેવી શક્યતા છે. સુરતમાં ગાંધી એન્જિનિયરિંગ કોલેજના કેમ્પસમાં નવા ભવનમાં કાર્યરત સરકારી ફાર્મસી કોલેજને આ વર્ષે રાજ્ય સરકારે વિશેષ મહત્વ આપતાં ડિગ્રી ફાર્મસીની બેઠકો 60માંથી વધારીને 100 કરી હતી. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની

...અનુસંધાન પાના 2 પર

# 39 લાખની જૂની નોટ સાથે સુરતના યુવકની ધરપકડ

**અમદાવાદ** પોલીસે 500 રૂપિયાની 7,800 રદ થયેલી નોટો જપ્ત કરી બેની ધરપકડ કરી

અમદાવાદ : અમદાવાદના રામોલ વિસ્તારમાંથી રૂ.500ની રદ થયેલી જૂની ચલણી નોટોની ગેરકાયદે હેરફેરનું મોટાં કૌભાંડનો પોલીસે પર્દાફાશ કરીને બે શખસોની ધરપકડ કરી તેમની પાસેથી રૂ.39 લાખની કિંમતની 500 રૂપિયાની 7,800 જૂની ચલણી નોટો જપ્ત કરી છે. જ્યારે બે આરોપીઓ નાસી જતા તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે શહેરના રામોલ વિસ્તારના રબારી કોલોની ચાર રસ્તા પાસે પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે બે શખ્સ ભરતસિંહ મહીડા (ઉં.વ. 40, મૂળ જામનગર, હાલ અંબરનાથ ઈસ્ટ, મુંબઈ) અને મેરાજુદ્દીન જમીલખાન (ઉં.વ. 56, રહે. સુરત) શંકાસ્પદ જણાતા તેમની તલાશી લેતા તેમની પાસે રહેલી થેલીમાંથી 500 રૂપિયાની જૂની ચલણી નોટોના બંડલો મળી આવ્યા હતા. જેની ગણતરી કરતાં કુલ 7,800 નોટો મળી આવી હતી, જેની કુલ કિંમત રૂ.39 લાખ થાય છે. આથી બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ રદ થયેલી ચલણી નોટો તેઓ મહારાષ્ટ્રના જલગાંવમાં રહેતા અયાનુદ્દીન ગયાસુદ્દીન પતવે પાસેથી લાવ્યા હતા. આ જથ્થો

...અનુસંધાન પાના 2 પર

# 5 લાખની લાંચમાં મહિલા PSI ફરાર

**બોપલ** પોસઈ વતી રૂ.5 લાખની લાંચ લેતા હેડ કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો

અમદાવાદ : અમદાવાદ ગ્રામ્ય પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક અરજીમાં ફરિયાદી વિરુદ્ધ ગુનો દાખલ નહીં કરવાના બદલામાં 5,000,000 (પાંચ લાખ) ની લાંચ લેતા શીલજ બીટના અલ્પ અનાર્મ હેડ કોન્સ્ટેબલ દિલીપકુમાર મફતભાઈ ભોઈને ખેડા એસીબી (નડિયાદ) ની ટીમે રંગેહાથ ઝડપી લીધો છે. આ લાંચ કાંડમાં બોપલ પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પ્રિતલ જશુભાઇ ચૌધરીની મુખ્ય સંડોવણી ખુલતા એસીબીએ ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વૈષ્ણવ વણિક દુઃખદ અવસાન / પ્રાર્થના સભા

સ્વ.અશોક વિઠ્ઠલદાસ દેસાઈ
સ્વ.તા.૨૫-૦૬-૨૦૨૬
ઉ.વ.૮૮
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પિતાશ્રી અશોકભાઈ વિઠ્ઠલદાસ દેસાઈ નું તા.૨૫-૦૬-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતની પ્રાર્થના સભા રવિવાર તા.૨૮-૦૬-૨૦૨૬ ના રોજ સવારે ૧૦થી ૧૨ દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : ''ભરતીયા પોલીટેકનીક'', સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.
લિ. નિશિથ - જહાનવી | ઉર્વિશ - હિના
ધ્રુવ - દિશા | ધ્વીતી - મનન
મૈત્રી - રોહન | રીયાન દેસાઈ
હર્ષીવ - દ્રીશીવ તથા સમસ્ત દેસાઈ પરિવાર
ફર્મ : ઓટો ટાયર -- અની ડીસ્ટ્રીબ્યુટર્સ

૨૩મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

અ.સૌ.સ્વ.મધુરીકાબેન પટેલ
સ્વ.તા.૨૭-૬-૨૦૦૩
''મધુરીકા'' જેનું નામ હતું તેવી જ અંત્ય પ્રભાવક, શાંત, સોમ્ય અને સુગંધિત વ્યક્તિત્વ ધરાવતી અમારી 'અમ્મા' ને અનેક સ્મરણો સાથે પુષ્પાંજલિ...
સ્વ.ચંપકભાઈ પટેલ
સુજ્ઞા અને પંકજ દવે • શ્રૃતિ અને ઉત્કર્ષ દેસાઈ
અમિત અને યામિની પટેલ
કૃતિ દેસાઈ • શિવાંગી અને વિશાલ પટેલ
નિધિ અને અભિષેક શાહ
ઋત્વિક પટેલ • દિગંત અને પંક્તિ દવે
દિવ્ય - દ્રષ્ટિ - પ્રાંશ